| | |
|---|---|
| **GJSR120062712025** | **Criminal Case no. 3467/2025**<br>**સરકાર**<br>**વિ.**<br>**પથિકભાઇ ઇશ્વરભાઇ અડીયેચા**<br>**અને અન્ય** |

***ફોર્મ - A***

| **કઠોરના મે. જ્યુડીશીયલ મેજી. ફ. ક. સાહેબની કોર્ટમાં, મું.કઠોર** | | |
|---|---|---|
| ચુકાદાની તારીખ: | 29.06.2026 | |
| ક્રિમીનલ કેસ નં. | **3467/2025** | **આંક:** |
| **ગુનાની વિગત** | | |
| એફ.આઈ.આર.ની વિગત | સુરત ગ્રામ્ય મહિલા પોલીસ સ્ટેશન, એફ. આઇ. આર. નં.11214001250022/2025, તારીખ: 13/08/2025 | |
| ગુનો (કલમ) | ભારતીય ન્યાય સંહિતાની કલમ 85, 352, 54 મુજબ. | |
| **ફરિયાદી** | **શ્રી સરકાર** | |
| ફરિયાદ પક્ષે રજૂઆત | વિ.એ.પી.પી.શ્રી. પી. બી. સથવારા | |
| ***વિરુદ્ધ*** | | |
| **આરોપી** | **1. પથિકભાઇ ઇશ્વરભાઇ અડીયેચા**<br>**2. ઇશ્વરભાઇ સવજીભાઇ અડીયેચા**<br>**3. જતિનભાઇ ઇશ્વરભાઇ અડીયેચા**<br>**4. રક્ષાબેન જતિનભાઇ અડીયેચા**<br>**5. જાનકીબને ઇશ્વરભાઇ અડીયેચા**<br>તમામ રહે. ૬૩૦, સુરભી રેસીડેન્સી, ગેટ નં.૨, પાસોદરા પાટીયા ખોલવડ, તા.કામરેજ, જી.સુરત. | |
| આરોપી પક્ષે રજૂઆત | વિ. વ. શ્રી. બી. બી. ઘોડકીયા | |

***ફોર્મ - B***

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ: | 10/12/2022 થી 13/08/2025 |
| એફ.આઈ.આર. તારીખ: | 13/08/2025 |
| ચાર્જશીટ દાખલ તારીખ: | **17/10/2025** |
| પ્લી રેકર્ડ કર્યા તારીખ: | 13/11/2025 |
| પુરાવો ચાલુ થયા તારીખ: | 24/12/2025 |

| | | | |
|---|---|---|---|
| જજમેન્ટ માટે રાખ્યા તારીખ: | 22/06/2026 | | |
| જજમેન્ટની તારીખ: | **29/06/2026** | | |
| સજા હુકમની તારીખ (જો લાગુ પડે તો): | — | | |
| સમયગાળો: | વર્ષ | માસ | દિવસ |
| | 00 | 08 | 12 |

**આરોપીઓની વિગત**

| આરોપી નંબર | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન પર છોડ્યા તારીખ | ગુનો | તકસીર વાન/ નિર્દોષ | કરવામાં આવેલ સજા | સી.આર.પી.સી .ની કલમ 428 મુજબ કસ્ટડીમાં વિતાવેલો સમયગાળો |
|---|---|---|---|---|---|---|---|
| 1 | પથિકભાઇ ઇશ્વરભાઇ અડીયેચા | 31/08 /2025 | 31/08/ 2025 | ભારતીય ન્યાય સંહિતાની કલમ- 85, 352, 54 મુજબ | નિર્દોષ | — | — |
| 2 | ઇશ્વરભાઇ સવજીભાઇ અડીયેચા | 31/08 /2025 | 31/08/ 2025 | ભારતીય ન્યાય સંહિતાની કલમ- 85, 352, 54 મુજબ | નિર્દોષ | — | — |
| 3 | જતિનભાઇ ઇશ્વરભાઇ અડીયેચા | 31/08 /2025 | 31/08/ 2025 | ભારતીય ન્યાય સંહિતાની કલમ- 85, 352, 54 મુજબ | નિર્દોષ | — | — |
| 4 | રક્ષાબેન જતિનભાઇ અડીયેચા | 31/08 /2025 | 31/08/ 2025 | ભારતીય ન્યાય સંહિતાની કલમ- 85, 352, 54 મુજબ | નિર્દોષ | — | — |
| 5 | જાનકીબને ઇશ્વરભાઇ અડીયેચા | 31/08 /2025 | 31/08/ 2025 | ભારતીય ન્યાય સંહિતાની કલમ- 85, 352, 54 મુજબ | નિર્દોષ | — | — |

***ફોર્મ - C***

**1. ફરિયાદપક્ષે / બચાવપક્ષે / કોર્ટ તરફે સાહેદ યાદી:**

**a. ફરિયાદ પક્ષે -**

| અનુ. નં. | આંક | નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|---|

| | | | |
|---|---|---|---|
| PW 1 | 14 | હિનાબેન પથીકભાઇ અડિયેચા | ફરિયાદી |
| PW 2 | 16 | રમાબેન કાન્તીભાઇ મોડાસીયા | સાહેદ |

**2. ફરિયાદપક્ષ / બચાવપક્ષ / કોર્ટના આંકની યાદી:**

**a. ફરિયાદ પક્ષે -**

| અનુ. નં. | આંક | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| 1 | 15 | અસલ ફરિયાદ |

## // ચુ કા દો //

**1. <u>ફરિયાદની હકીકતનું ટુંકમાં વર્ણન:</u>**

સદર કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી નં. ૧ થી ૫ નાઓએ ભેગા મળી એકબીજાને ચડામણી કરી નજીવી બાબતે બોલાચાલી લડાઇ ઝઘડો કરી અપશબ્દ બોલી મેણા ટોણા મારી ગંદી ગાળો આપી મારજુડ કરી હેરાન પરેશાન કરી ઘરમાંથી કાઢી મુકી શારીરીક માનસીક ત્રાસ આપી ગુનો કરી ભારતીય ન્યાય સંહિતાની કલમ-85, 352, 54 મુજબનો ગુનો આચરેલ છે.

**2. <u>બી.એન.એસ.એસ.ની કલમ-263 મુજબ તહોમતનામુ:</u>**

આ કામના આરોપી વિરુદ્ધ ગુનાની ઇન્સાફી કાર્યવાહી માટે સમન્સ કાઢતા, આરોપી તેમના વિ.વ.શ્રી મારફતે ઉપસ્થિત રહેલ. તેને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, 2023 ની કલમ 230 અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલ વિના મૂલ્યે આપ્યાની ખાતરી કર્યા બાદ તેઓ વિરુદ્ધ આંક-03 થી તહોમતનામું ફરમાવી, આરોપીઓની આંક-04, 05, 06, 07 અને 08 થી પ્લી રેકોર્ડ કરતા તેણે પોતાની સામેના ગુનાનો ઈન્કાર કરતા કેસની ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવી બી.એન.એસ.એસ.ની કલમ-૨૬૫ અન્વયે ફરિયાદપક્ષનો પુરાવો લેવામાં આવેલ.

**3. <u>બી.એન.એસ.એસ.ની કલમ-351 મુજબનું આરોપીનું વિશેષ નિવેદન:</u>**

ફરીયાદપક્ષે ઉપરોક્ત પુરાવા લીધા બાદ ફરીયાદપક્ષ તરફથી પુરાવા પૂર્ણ થયા અંગે મૌખિક જાહેર કરેલ. આમ, સદર કામે આરોપીઓ વિરુદ્ધ પુરતો પુરાવો ન હોય આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી, આમ આરોપીઓ ધ્વારા પોતાના બચાવમાં કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી.

**4. <u>બી.એન.એસ.એસ.ની કલમ-352 મુજબ પક્ષકારોની દલીલો:</u>**

ત્યારબાદ, ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી તથા બચાવપક્ષ તરફે વિ.વ.શ્રીની દલીલો સાંભળવામાં આવેલી.

**5. <u>બી.એન.એસ.એસ.ની કલમ-393(1)(B) મુજબ પોઇન્ટસ ફોર ડીટરમીનેશન:</u>**

a. આ કામે ઉભયપક્ષકારો તરફે કરવામાં આવેલી દલીલો, ફરિયાદ તથા રેકોર્ડ ઉપર આવેલ પુરાવાઓ વંચાણે લેતા સદર કેસના નિર્ણય માટે કરી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે:

i. **શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી નં. ૧ થી ૫ નાઓએ ભેગા મળી એકબીજાને ચડામણી કરી નજીવી બાબતે બોલાચાલી લડાઇ ઝઘડો કરી અપશબ્દ બોલી મેણા ટોણા મારી ગંદી ગાળો આપી મારજુડ કરી હેરાન પરેશાન કરી ઘરમાંથી કાઢી મુકી શારીરીક માનસીક ત્રાસ આપી ગુનો કરી ભારતીય ન્યાય સંહિતાની કલમ-85, 352, 54 મુજબનો ગુનો આચરેલ છે ?**

ii. **શું હુકમ?**

b. ઉપરોક્ત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો નીચે મુજબ છે:

i. મુદ્દા નં.1 - **નકારમાં**

ii. મુદ્દા નં.2 - **આખરી હુકમ મુજબ**

**// કા ર ણો //**

- **મુદ્દા નં.1 અંગે:**

**6.** ભારતમાં પ્રવર્તમાન ફોજદારી ન્યાયશાસ્ત્રના સિદ્ધાંત પ્રમાણે ફરિયાદપક્ષે પોતાનો કેસ આરોપી વિરૂદ્ધ શંકાથી પર (beyond reasonable doubt) પુરવાર કરવાનું હોય છે. આરોપી દોષિત છે તેવો વિશ્વસનીય પુરાવો રજૂ કરીને ફરિયાદપક્ષે પુરવાર કરવાનું હોય છે. કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંત મુજબ આરોપીને જ્યાં સુધી દોષી ઠરાવવામાં ન આવે ત્યાં સુધી તે નિર્દોષ છે તેવી ધારણા સાથે અદાલતે કાર્યવાહી કરવાની હોય છે. અદાલત દ્વારા કરવામાં આવેલ આવા અનુમાનનું ખંડન ફરિયાદપક્ષે યોગ્ય, વિશ્વસનીય અને પૂરતો પુરાવો આપીને કરવાનું હોય છે. ફરિયાદપક્ષના પુરાવામાં રહી ગયેલ કોઈપણ ખોટનો લાભ બચાવપક્ષને મળે છે અને તે સંજોગોમાં આરોપી શંકાનો લાભ મેળવવા હકદાર થાય છે.

**7.** આ કામે આરોપીઓ વિરુધ્ધ આંક-03 મુજબનું તોહમતનામું પુરવાર કરવા ફરિયાદપક્ષે **આંક-14 થી ફરિયાદી હિનાબેન પથીકભાઇ અડિયેચા** ને સોગંદ પર તપાસેલા છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓના લગ્ન તા.૦૨/૧૨/૨૦૨૨ ના રોજ સમાજના રીતરીવાજ મુજબ પથીકભાઈ ઈશ્વરભાઈ સાથે કામરેજ મુકામે થયેલ હતા. આરોપી નં.૨ તેઓના સસરા થાય છે. આરોપી નં.૩ તેઓના જેઠ થાય છે. આરોપી નં.૪ તેઓના જેઠાણી અને આરોપી નં.૫ તેઓના નણંદ થાય છે. તેઓ લગ્ન કરી તેઓના સાસરીમાં સયુક્ત કુટુંબમાં રહેતા હતા. તેઓના લગ્ન કર્યા બાદ તેઓને તેઓના ઘરમાં સંયુક્ત કુટુંબમાં આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થતી હતી. આ સીવાય બીજુ કંઇ બોલેલ નથી કે, બનેલ નથી કે તેઓની સાથે લડાઈ ઝગડો કરેલ નથી.

આરોપીઓએ તેઓને માનસીક શારીરિક ત્રાસ આપેલ નથી. આ બોલાચાલી બાબતે તેઓએ મહિલા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલી. અસલ ફરીયાદ તેઓને બતાવવામાં આવે છે. જેમાં તેઓની સહી છે. જે આંક-૧૫ થી રજુ છે. આરોપીઓને તેઓ ઓળખે છે.

સદર ફરિયાદી ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપતા ન હોય વિ.એ.પી.પી.શ્રીએ ફરિયાદીને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી માંગી પ્રશ્ન કરતા પણ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપેલો નથી.

વધુમાં પોતાની આરોપીઓના વિ.વ.શ્રી.ની ઉલટ તપાસમાં ફરીયાદી કબૂલ કરે છે કે, એ વાત ખરી છે કે, બનાવ સમયે અમારે આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલી. એ વાત ખરી છે કે, આરોપીઓ સાથે મારે સમાધાન થઈ ગયેલ છે અને હાલ અમે સાથે જ રહીએ છે. એ વાત ખરી છે કે, આરોપીઓએ મને શારીરિક માનશીક ત્રાસ આપેલ નથી તથા કોઈ ધાક ધમકી આપેલ નથી. એ વાત ખરી છે કે, આ કામના આરોપીઓએ અમને કોઈ ગાળો આપેલ નથી. આરોપીઓ સાથે મારે હવે કોઈ તકરાર રહેતી નથી. એ વાત ખરી છે કે, બનાવ સમયે મને લાગી આવતા મે આવેશમાં આવીને ફરીયાદ આપેલી. એ વાત ખરી નથી કે, સોગંધ ઉપર ખોટી જુબાની આપુ છું.

**8.** ફરિયાદપક્ષે **આંક-16 થી સાહેદ રમાબેન કાન્તીભાઇ મોડાસીયા** ને સોગંદ પર તપાસેલા છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓની દિકરીના લગ્ન તા.૦૨/૧૨/૨૦૨૨ ના રોજ સમાજના રીતરીવાજ મુજબ પથીકભાઈ ઈશ્વરભાઈ સાથે કામરેજ મુકામે થયેલ હતા. આરોપી નં.૨ તેના સસરા થાય છે. આરોપી નં.૩ તેના જેઠ થાય છે. આરોપી નં.૪ તેના જેઠાણી આરોપી નં.૫ તેના નણંદ થાય છે. તેઓની દિકરી લગ્ન કરી તેના સાસરીમાં સયુક્ત કુટુંબમાં રહેતા હતા. તેઓની દિકરીના લગ્ન કર્યા બાદ તેને તેના સાસરીવાળા ઘરમાં સયુક્ત કુટુંબમાં આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થતી હતી. આ હકિકત તેઓની દિકરીના કહેવાથી તેઓને ખબર પડેલ. આ સીવાય બીજુ કઈ બોલેલ નથી કે, બનેલ નથી કે તેની સાથે લડાઈ ઝગડો કરેલ નથી. આરોપીઓએ તેને માનસીક શારીરિક ત્રાસ આપેલ નથી. આ બોલાચાલી બાબતે તેઓની દિકરીએ મહિલા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલી. તપાસ કરનારે તેઓનું નિવેદન લીધેલ. આરોપીઓને તેઓ ઓળખે છે.

સદર સાહેદ ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપતા ન હોય વિ.એ.પી.પી.શ્રીએ સાહેદને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી માંગી પ્રશ્ન કરતા પણ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપેલો નથી.

વધુમાં પોતાની આરોપીઓના વિ.વ.શ્રી.ની ઉલટ તપાસમાં સાહેદ કબૂલ કરે છે કે, એ વાત ખરી છે કે, પોલીસે મારૂ ફકત નામઠામ પુછેલ. એ વાત ખરી છે કે, બનાવ બાબતે હું કંઇ જાણતી નથી.

- **પૂરાવાનું મૂલ્યાંકન:**

- આ સિવાય ફરિયાદપક્ષ તરફે અન્ય કોઈ દસ્તાવેજી કે મૌખિક પુરાવો રજૂ કરેલ નથી. આ કામે આરોપી ઉપર **બી.એન.એસ.ની કલમ - 85, 352, 54** મુજબનો ગુનો નોંધાયો છે. હાલના કેસમાં નિષ્કર્ષ પર પહોંચવા માટે ઉપર્યુક્ત કલમો તેમજ તેના તત્વો ધ્યાને લેવા આવશ્યક છે:

**<u>બી.એન.એસ. કલમ 85 - સ્ત્રીના પતિ અથવા પતિના સગા દ્વારા ત્રાસ આપવા બાબત :</u>**

- જે કોઇ વ્યકિત કોઇ સ્ત્રીનો પતિ હોય અથવા પતિના સગા હોય અને આવી સ્ત્રી ઉપર ક્રુરતા આચરે (ત્રાસ આપે) તો તે વ્યકિતને ત્રણ વર્ષ સુધીની કેદની શિક્ષા કરવામાં આવશે અને તે દંડને પણ પાત્ર થશે.

**<u>બી.એન.એસ. કલમ 352 - શાંતિનો ભંગ કરવા ઉશ્કેરવાના હેતુથી ઇરાદાપુર્વક અપમાન :</u>**

- જે કોઈ ઈરાદાપૂર્વક અપમાન કરે છે, અને તેના દ્વારા કોઈ પણ વ્યક્તિને ઉશ્કેરણી આપે છે, એવી સંભાવના છે કે આવી ઉશ્કેરણીથી તે જાહેર શાંતિ ભંગ કરશે અથવા અન્ય કોઈ અપરાધ કરશે, તેને એક મુદત માટે કોઈપણ વર્ણનની કેદની સજા કરવામાં આવશે. બે વર્ષ સુધી લંબાવી શકે છે, અથવા દંડ સાથે અથવા બંને સાથે.
- આ કલમના આવશ્યક તત્વો નીચે મુજબ છે:
  1. આરોપીએ ઇરાદાપૂર્વક કોઈ વ્યક્તિનું અપમાન કર્યું
  2. તેમ કરીને આરોપી તે વ્યક્તિને ઉશ્કેરવા માંગતી હોય,
  3. આરોપી જાણતો હતો કે તેમ થવાથી તે વ્યક્તિ જાહેર સુલેહશાંતિનો ભંગ કરશે અથવા ગુન્હો કરી બેસશે.

**<u>બી.એન.એસ. કલમ 54 - ગુનો કરવામાં આવે ત્યારે દુષ્પ્રેરકની હાજરી હોય :</u>**

- જયારે પોતે હાજર ન હોય અને પોતે કરેલા દુષ્પ્રેરણના પરિણામે થયેલા જે કૃત્ય માટે દુષ્પ્રેરક તરીકે કોઇ વ્યકિત શિક્ષાને પાત્ર થાય એવું કૃત્ય પોતાની હાજરીમાં થાય તો તેણે પોતે તે કૃત્ય અથવા ગુનો કર્યો છે એમ ગણાય.

**9.** આમ, ઉપર્યુક્ત કાયદાકીય જોગવાઈઓ, તેનો અર્થ તેમજ તેના આવશ્યક તત્વોને હાલના કેસની હકીકત સાથે તેમજ તેના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા સાથે સરખાવી ન્યાયિક નિર્ણય પર પહોંચવું જરૂરી છે.

**10.** હાલના કામે ફરીયાદીએ સદર કામના આરોપીઓએ ભેગા મળી એકબીજાની ચઢામણીથી ફરીયાદીબેનને હેરાન પરેશાન કરી ફરીયાદીબેનને નજીવી બાબતે બોલાચાલી લડાઇ-ઝઘડો કરી મેણાટોણા મારી શક વહેમ રાખી ગંદી ગાળો આપી મારઝુડ કરી શારીરીક તથા માનસીક ત્રાસ આપ્યો હોવાની ફરિયાદ કરેલ છે, જેથી સદર કામે રજુ થયેલ ફરિયાદી તેમજ સાહેદોના પુરાવા

ધ્યાને લઈએ તો, ફરીયાદી તેમજ સાહેદ નાઓએ પોતાની મુખ્ય તપાસમાં ફરિયાદ હકિકતને સમર્થન આપ્યું નથી, જેથી તેઓ બંને હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલ છે. તેમજ PW-1 ફરીયાદી સ્પષ્ટપણે કબુલે છે કે, લગ્ન જીવન દરમિયાન ફરિયાદીબેન અને આરોપીઓ વચ્ચે માત્ર 'સામાન્ય બોલાચાલી' થતી હતી અને ફરીયાદીબેન સાથે કોઇ ઝઘડો કરેલ નથી. તેમજ આરોપીઓએ ક્યારેય કોઈ શારીરિક કે માનસિક ત્રાસ આપેલ નથી. તેમજ PW-1 નાઓએ પોતાની ઉલટતપાસમાં એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ સમયે ફકત સામાન્ય બોલાચાલી થયેલી અને આ કામના આરોપીઓએ કોઇ ગાળો કે ધમકી આપેલ નથી. તેમજ આરોપીઓ સાથે તેઓને સમાધાન થયેલ છે અને બનાવ સમયે તેઓને લાગી આવતા તેઓએ આવેશમાં આવીને ફરીયાદ આપેલી. તથા આરોપીઓ સાથે હવે કોઇ તકરાર રહેતી નથી. તેમજ PW-2 નાઓએ પોતાની ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, બનાવ બાબતે તેઓ કંઇ જાણતા નથી. આમ ફરિયાદપક્ષે આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-85, 352, 54 મુજબનો ગુનો સચોટ રીતે પુરવાર કરવામાં સફળ નીવડેલ નથી.

**11.** જેથી, મુદ્દા નં. 1 નો જવાબ "નકારમાં" આપી, મુદ્દા નં. 2 મુજબ નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**// આ ખ રી હુ ક મ //**

1. આ કામના આરોપી નં. ૧ **પથિકભાઇ ઇશ્વરભાઇ અડીયેચા,** આરોપી નં.૨ **ઇશ્વરભાઇ સવજીભાઇ અડીયેચા,** આરોપી નં.૩ **જતિનભાઇ ઇશ્વરભાઇ અડીયેચા**, આરોપી નં.૪ **રક્ષાબેન જતિનભાઇ અડીયેચા** તથા આરોપી નં.૫ **જાનકીબને ઇશ્વરભાઇ અડીયેચા,** તમામ રહે. ૬૩૦, સુરભી રેસીડેન્સી, ગેટ નં.૨, પાસોદરા પાટીયા ખોલવડ, તા.કામરેજ, જી.સુરત નાઓને ભારતીય ન્યાય સંહિતાની કલમ-85, 352, 54 મુજબના આક્ષેપિત ગુનામાંથી શંકાનો લાભ આપી **નિર્દોષ ઠરાવી** છોડી મુકવાનો આદેશ આપવામાં આવે છે.

2. આ કામના આરોપીઓને બી.એન.એસ.એસ.ની કલમ-૪૮૧ મુજબ અપીલ સમય સુધીના રૂ. 10,000/- (અંકે રૂપિયા દસ હજાર પૂરા)ના પ્રત્યેક આરોપી દીઠ જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજૂ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. **29મી** માહે **જૂન,** સને **2026** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**તારીખ:** **29/06/2026**
**સ્થળ:** **સુરત**

**(સ્વપ્નિલ કે. ફટાણીયા)**
**જ્યુડી. મેજી.ફ.ક., કઠોર**
**Judge Code - GJ01769**

ગુજરાતી સ્ટેનોગ્રાફર
કે. જી. વેકરીયા